# ધનસુરામાં દેશી દારૂની હાટડીઓ ધમધમે છે

ધનસુરા, તા. ૬

ધનસુરામાં દેશી દારૂ પાણીની જેમ મળે છે. ઠેર ઠેર દારૂના અડ્ડા પોલીસને દેખાતા ન હોય તેમ લોકોને લાગે છે. ધનસુરાનું યુવાધન દારૂના રવાડે ચડી બરબાદ થઈ રહ્યુ છે. દારૂએ તો દાટ વાળ્યો છે. કેટલાય યુવાનોના જીવ લીધા છે... સરકારના દારૂબંધીના કાયદાનું સરિયેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. ધનસુરા નગરમાં શક્તિનગર, જનતાનગર રેલવે ક્રોસિંગ અને અન્ય સ્થળે ખુલ્લેઆમ ચાલતા દારૂના અડ્ડા ઉપર જો નશાબંધી ખાતુ સરપ્રાઈઝ રેડ પાડે તો સત્ય હકિકત બહાર આવવાની વકી છે.

ધનસુરા પોલીસ હપ્તાના કારણે કેટલાય યુવા ધનને રવાડે ચડાવ્યુ છે. જાણવા મળ્યા પ્રમાણે વિદેશી દારૂ પણ ખાનગી રાહે વેચાઈ રહ્યો છે. અત્યારે અન્ય ધંધા કરતા દારૂના ધંધામાં તેજી જોવા મળે છે. એક અડ્ડાવાળો તો માલામાલ બની ગયો હોવાનું જાણવા મળેલ છે.

ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે દારૂના અડ્ડા બંધ કરાવવાની ઝુંબેશ શરૂ કર્યા પછી ઠાકોર સેના બનાવી રેડ પડાવ્યા બાદ આજે અલ્પેશ ઠાકોર ધારાસભ્ય બની ગયા અને રાજકારણી બની ગયા પછી હવે ગાંધીના ગુજરાતમાં દારૂની બદી દૂર કરવાની ઝુંબેશ કેમ બંધ થઈ ગઈ છે. ઠાકોર સેના નિષ્ક્રિય બની ગઈ હોય તેવુ પ્રજાને લાગે છે આજે ગાંધીના ગુજરાતમાં પાણીની જેમ દેશી વિદેશી દારૂ ખુલ્લેઆમ વેચાય છે. ગ્રામ્ય વિસ્તારમાં દેશી દારૂના અડ્ડા ખુલ્લેઆમ ચાલે છે. પોલીસ જાણે છે હપ્તા ચુકવાય છે એટલે આંખ આડા કાન કરતી હોય તેમ પ્રજાને લાગે છે. બીજા રાજ્યો કરતા ગાંધીના ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં સૌથી વધારે દારની હેરાફેરી થાય છે. નશાબંધી ખાતુ પણ નિષ્ક્રિય બની ગયુ હોય તેવુ પ્રજાને લાગે છે. અરવલી જિલ્લામાં રોજ રાજસ્થાન સરહદેથી લાખ્ખો રૂપિયાના વિદેશી દારૂની ટ્રકો પકડાય છે. આ પ્રવૃત્તિ ક્યાં સુધી ચાલશે ? કડક કાયદો બનાવ્યો ખરો પણ ચૂસ્ત અમલ ક્યારે થશે ?

# મોડાસા નગરપાલિકામાં ભાજપની જૂથબંધીના પગલે મહુવાવાળીના એંધાણ

## કોંગ્રેસની અપક્ષોના સહારે સત્તા મેળવવા બિલ્લી પગે ચાલ

મોડાસા, તા. ૬

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા નગરપાલિકા




ભાજપ શાષિત છે. પ્રમુખ પદ માટે અઢી વર્ષની મુદત પૂર્ણ થતા જ મોડાસા નગરપાલિકાના ભાજપના કોર્પોરેટરોએ પ્રમુખ બનાવા માટે છેક દિલ્હી સુધી લોબિંગ શરૂ કરી દીધું છે. મોડાસા નગરપાલિકા પ્રમુખ પદ મેળવવા માટે અમિત શાહ જૂથ અને આનંદીબેન પટેલ જૂથ વચ્ચે ગળાકાપ હરીફાઈ ચાલી રહી છે. મોડાસા નગરપાલિકામાં ભાજપ અને કોંગ્રેસને બહુમતી ન મળતા ભાજપે ૪ અપક્ષોના સહારે અઢી વર્ષ સાશનની ધૂરા સંભાળી હતી. ભાજપ પાસે ૧૮ કોર્પોરેટર છે, જયારે કોંગ્રેસ પાસે ૧૦ કોર્પોરેટરો છે અને ૮ અપક્ષો હોવાથી કોંગ્રેસ પણ ભાજપની જૂથબંધીનો ફાયદો ઉઠાવી બિલ્લી પગે મહુવાવાળી કરી સત્તા પર બેસવા સોગઠાં ગોઠવી રહી છે. મોડાસા નગરપાલિકાની સત્તા ભાજપ જાળવવામાં સફળ રહે છે કે પછી કોંગ્રેસ સત્તા આંચકી લેશે...? ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે જીલ્લાના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

૩૬ કોર્પોરેટરોની મોડાસા નગરપાલિકા બનેલી છે જેમાં ૧૮ નગરસેવકો ભાજપના ૧૦ નગર સેવકો કોંગ્રેસ અને ૮ અપક્ષો સાથે બરાબરીનું સ્થાન ધરાવે છે. ભાજપે અઢી વર્ષ અગાઉ આઠ અપક્ષોના સહારે મોડાસા નગરપાલિકા પર ભગવો લહેરાવ્યો હતો. હાલ પ્રમુખ, ઉપ પ્રમુખની મુદત પૂર્ણ થતા ૧૨ જૂને ચૂંટણી યોજાશે. જેમાં ભાજપ સત્તા ટકાવવા એડીચોટીનું જોર લગાવી રહ્યું છે. બીજીબાજુ ભાજપના કોર્પોરેટરોમાં અંદરખાને જૂથવાદ ચરમસીમાએ પહોંચ્યો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. મોડાસા નગરપાલિકાનું પ્રમુખ પદ મેળવવા અમિતશાહ અને આનંદીબેન પટેલ જૂથ સક્રિય થતા બંને જૂથ વચ્ચે ગળાકાપ હરીફાઈ અને અંદરો અંદર માત આપવા દિલ્હી સુધી લોબિંગ શરુ થયું છે. અને ગોડ ફાધરની શરણે પહોંચ્યા હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે બીજીબાજુ કોંગ્રેસ ૨૫થી વધુ વર્ષથી મોડાસા નગરપાલિકામાં સત્તાથી દૂર હોવાથી ભાજપની જૂથબંધીનો ફાયદો ઉઠાવવા અને અપક્ષોનું સમર્થન સાથે સત્તા મેળવવા સોગઠાં ગોઠવી રહી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

### કોંગ્રેસના નગરસેવકને ઓસ્ટ્રેલિયાથી તાબડતોડ પરત બોલાવ્યા

મોડાસા નગરપાલિકામાં કોંગ્રેસ દ્વારા સત્તા હાંસલ કરવા એડીચોટીનું જોર લગાવી રહી છે. કોંગ્રેસના ૧૦ અને ૮ અપક્ષો સહીત ભાવનગરના મહુવાવાળી કરવાના મૂડ સાથે દાવપેચ લગાવી રહી છે. ૧૦ નગર સેવકોમાંથી હમિદભાઈ ટીંટોઇયા ઓસ્ટ્રલિયા હોવાથી ૧૨ જૂને યોજાનાર પ્રમુખ પદ માટે હાજર નહિ રહેની ચર્ચાથી ભાજપને નગરપાલિકામાં સત્તા મેળવવી આસાન બની જશે તેવા ભ્રમ વચ્ચે કોંગ્રેસ પક્ષે નગરપાલિકા પ્રમુખપદની ચૂંટણીની ગંભીરતા સમજી તાબડતોડ મોડાસા બોલાવવા તજવીજ હાથ ધરી ૭ જૂને ઓસ્ટ્રિલિયાથી મોડાસા આવવા રવાના થશે અને ૯ જૂને મોડાસા પહોંચી ૧૨ જૂને યોજાનાર પ્રમુખની ચૂંટણીમાં હાજર રહશેનું કોંગ્રેસના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. કોંગ્રેસ પક્ષ અને કોંગ્રેસના નગરસેવકોની સતર્કતાથી મોડાસા નગરપાલિકામાં સત્તામાં કઈ નવા જૂની રંધાવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.



**મોડાસા કેળવણી મંડળ સંચાલિત શાળાઓમાં પક્ષીઓ માટે ઝાડ પર પાણીના કુંડા મુક્યા**

મોડાસા કેળવણી મંડળ સંચાલિત મોડાસા હાઈસ્કૂલ, સર્વોદય હાઈસ્કૂલ, કલરવ શાળા અને સબલપુર નજીક આવેલી બી-કનઈ સ્કૂલમાં અનેક વૃક્ષો વાવવામાં આવવાની સાથે જતન કરવામાં આવે છે. કાળઝાળ ગરમીમાં પક્ષીઓને પીવાનું પાણી પૂરતું મળી રહે તે માટે વૃક્ષો સહીત અન્ય જગ્યાઓ ઉપર પાણીના કુંડા મુકી કુંડામાં નિયમિત પાણી ભરવાનું ઉમદા કાર્ય કરવામાં આવી રહ્યું છે. મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપિન શાહના જણાવ્યા અનુસાર એ.બી. જવેલર્સ ફાઉન્ડેશન તરફથી પાણીના કુંડાનો સહયોગ પ્રાપ્ત થયો છે. હાલ બી-કનઈ સ્કૂલમાં ૧૦૦ નવા પાણીના કુંડા મુકવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

# માણસા ખાતે 'પર્યાવરણ બચાવો' વિષય પર વક્તવ્ય યોજાયું

ગાંધીનગર, તા. ૬

સરકારી તાલુકા પુસ્તકાલય માણસા ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત 'પર્યાવરણ બચાવો' વિષય પર વકતવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આયું હતું. વાચકો પર્યાવરણની જાળવણી અંગે જાગૃત થાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન થયુ હતુ. પ્રિન્સિપાલ સુરેશ ઠાકોરે વક્તવ્ય આપ્યું હતું. વક્તાએ પ્લાસ્ટિક પ્રદૂષણથી થતુ નુકશાન, પ્લાસ્ટિક પ્રદૂષણને અટકાવવાના ઉપાયો તેમજ પ્લાસ્ટિકનો વપરાશ બંધ કરી પર્યાવરણની જાળવણીમાં સહભાગી થવા અંગેની માહિતી વાંચકોને આપી હતી. આ ઉપરાંત સંસ્થાના મદદનીશ ગ્રંથપાલ રાવળે વાચકોનો પર્યાવરણ




જાળવણીમાં મદદરૂપ થવા અને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા તેમજ તેનો યોગ્ય જગ્યાએ નિકાલ કરવાની વાચકોને પ્રતિજ્ઞા લેવડાવી હતી.

સરકારી તાલુકા પુસ્તકાલય માણસાના મદદનીશ ગ્રંથપાલ ગોવિંદ રાવળ આયોજિત કાર્યક્રમમાં ક્રિસ્ટલ પબ્લિક સ્કૂલ ઓફ સાયન્સ માણસાના

# મોડાસામાં કામેશ શાહની ઉત્તર ગુજરાત યુનિ.માં સેનેટ મેમ્બર તરીકે નિમણુંક

મોડાસા, તા. ૬

મોડાસાની ધી.મ.લા.ગાંધી ઉચ્ચતર માધ્યમીક મંડળ સંચાલિત



સર.પી.ટી. સાયન્સ કોલેજના કર્મચારી કામેશ બિપીનચંદ્ર શાહની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી, પાટણમાં રાજ્યપાલે સેનેટ (કોર્ટ) મેમ્બર તરીકે નિમણુંક કરવામાં આવતા જિલ્લાના સેનેટના પ્રશ્નોનું ઝડપથી નિરાકરણ આવશે મંડળના હોદ્દેદારો સહીત કર્મચારીઓ અને જિલ્લાભરના અગ્રણીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ઉનાવા દરગાહમાં યાત્રિકના ખિસ્સામાંથી ૧૬ હજારની તફડંચી

ઉનાવા, તા. ૬

ઊંઝા નજીકના ઉનાવા ગામે મીરાંદાતારની દરગાહમાં આવેલ સૌરાષ્ટ્રના એક યાત્રિકના પેન્ટના ખિસ્સામાંથી એક શકદાર શખ્સે રૂપિયા ૧૬૪૫૦ની રોકડ રકમ તેમજ અગત્યના કાગળો ભરેલ પાકિટની ઉઠાંતરી કરી હોવાનો બનાવ સ્થાનિક પોલીસમથકે નોંધાયેલ છે.

સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના નાંદરડી ગામના આલમખાન અહેમદખાન બેલીમ ઉનાવા ગામે મીરાંદાતારની દરગાહે દર્શનાર્થે આવ્યા હતા. મોડી સાંજના લોબાન સમયે તેઓ દરગાહમાં હતા ત્યારે યાત્રિકોની ભીડનો ગેરલાભ ઉઠાવીને શકદાર શખ્સે તેમના પેન્ટના ખિસ્સામાંથી પાકિટની ઉઠાંતરી કરી હતી. ચોરાયેલ પાકિટમાં ૧૬૪૫૦ રૂપિયાની રોકડ રકમ તેમજ આધારકાર્ડ સહિતના મહત્વના કાગળો હતા.

આ અંગે સૌરાષ્ટ્રના યાત્રિકે ઉનાવા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ ચોરીના ગુનામાં શકદાર તરીકે અહેમદહુસેન ફારૂખભાઈ પીરજાદા મૂળ રહે જામનગર હાલ ઉનાવાનું નામ દર્શાવેલ છે.

# મહેસાણાને પ્લાસ્ટીક મુક્ત શહેર બનાવવાનો નિર્ધાર કર્યો

મહેસાણા, તા. ૬

રાજ્ય સરકાર દ્વારા ૫ જુનથી ૧૧ જુન પર્યાવરણ અને સ્વચ્છતા અભિયાનનું આયોજન કરાયુ છે. વિશ્વ પર્યાવરણ દિવસનું યજમાન




પદ ભારતને આપવામાં આવ્યુ છે. આ વર્ષે વિશ્વ પર્યાવરણની મુખ્ય થીમ "BEAT PLASTIC POLLUTION", "પ્લાસ્ટીક પ્રદુષણને દુર કરો" રાખવામાં આવી છે. આ ઉજવણી દ્વારા પ્લાસ્ટીકનું ઉત્પાદન ઓછુ કરવા, પ્લાસ્ટીક રીસાઈકલ કરવા, પ્લાસ્ટીક દ્વારા થતા પ્રદુષણને દુર કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે.

જિલ્લા કલેકટર એચ.કે. પટેલના અધ્યક્ષ સ્થાને દેદીયાસણ હોલ, આત્મારામ કાકા ફિજીયોથેરાપી સેન્ટરની બાજુમાં મોઢેરા રોડ મહેસાણા ખાતે પ્લાસ્ટીક બેગના ઉત્પાદકો, વિતરકો, રિટેલર વેપારીઓ અને દુકાનદારોને જોડી પ્લાસ્ટીક મુક્ત શહેર વિષય પર વર્કશોપનું આયોજન કરાયું હતું. આ વર્કશોપમાં ઈકો ફ્રેન્ડલી પ્રોડકટની માહિતી અને તેના ફાયદાની સમજ આપવામાં આપવામાં આવી હતી.

જિલ્લા કલેકટર એચ.કે. પટેલે જણાવ્યું હતું કે પ્લાસ્ટીકની વસ્તુઓ ઝેર પ્રસરાવી આરોગ્યને નુકશાન કરે છે. માનવી પોતાની જરૂરીયોતને સંતોષવા માટે વિવિધ વસ્તુઓ ઉત્પાદીત કરે છે પણ ક્યારેક થોડો વધુ નફો રળી લેવાની લાયમાં સમગ્ર જીવસુષ્ટીના આરોગ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. પ્લાસ્ટીકનો વધુ પડતો વપરાશ જનજીવન માટે નુંકશાનકારક છે. જેથી આપણે સૌએ પ્લાસ્ટીક મુકત શહેરો બનવાની દિશામાં જનભાગીદારી જોડી જનસહયોગથી આગળ આવવું જોઈએ.

ધારાસભ્ય રમણભાઈ પટેલ જણાવ્યું હતું કે આજે પ્લાસ્ટીક પ્રદુષણ એ ચિંતાનો વિષય બન્યો છે. પ્લાસ્ટીક પ્રદુષણ અટકાવવા આપણે સૌએ સાથે મળીને ઝુંબેશ હાથ ધરવી જોઈએ. આપણે સૌએ પ્લાસ્ટીક પ્રદુષણ સમાપ્ત કરવા પ્રતિબધ્ધ બનવું જોઈએ.

વર્કશોપમાં એ. પી. એમ. સીના ચેરમેન, જી.આઈ.ડી.સી.ના હોદ્દેદારો, કેમીસ્ટ એસોશિયેશના હોદ્દેદારો, વિવિધ સહકારી અને અર્ધ સહકારી સંસ્થાના હોદ્દેદારો, જિલ્લા પુરવઠા અધિકારી ભાર્ગવ પટેલ સહિત અધિકારીઓ, પદાધિકારીઓ, પ્લાસ્ટીક વિક્રેતાઓ, ઉત્પાદકો, વિવિધ એસોશિયેશનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં હળવા વરસાદની આગાહી

અમદાવાદ, તા. ૬

ચોમાસુ ગુજરાતની નજીક આવી ગયું છે. હવામાન ખાતાની આગાહી અનુસાર આગામી પાંચ દિવસમાં ગુજરાતમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં હળવો વરસાદ પડશે. ખેડૂતો વરસાદની આતુરતાથી રાહ જોઈ રહ્યાં છે. જો કે, ગુજરાતમાં કેટલાક સ્થળો પર હળવા ઝાપટાં પડવાની શરૂઆત થઈ ગઈ છે. ગઢડા ઉપરાંત, રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાનાં ગામડાઓમાં પણ વરસાદી ઝાપટા પડ્યા હતા. વરસાદ પડતા લોકોને ગરમીમાંથી રાહત મળી હતી અને વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

૧૧ જૂનથી ગુજરાતમાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રનાં દરિયાકાંઠાના જિલ્લાઓથી ચોમાસાની વિધિવત શરૂઆત થવાની સંભાવના છે. ૧૦મી જૂનથી સાયક્લોનિક સરક્યુલેશનની અસર દખાશે, અને વરસાદની સંભાવના વર્તાશે. ૧૧મી જૂનથી દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ સહિત સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને પોરબંદરમાં પણ વરસાદ પડશે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદની સંભાવના પણ હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# જીતપુર ગ્રામ પંચાયતના નવીન મકાનનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો

મોડાસા, તા. ૬

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના જીતપુર



(મહાદેવગ્રામ) ગામે આજરોજ ગ્રામ પંચાયતના નવીન મકાનનો ઉદ્‌ઘાટન સમારોહ સાંસદ દિપસિંહ રાઠોડની ઉપસ્થિતમાં સંપન્ન થયો હતો.

પ્રારંભે મહિલા સરપંચ જયાબા કિરણસિંહ પરમારે ઉપસ્થિત મહેમાનો અને પંચાયત વિસ્તારના સૌ નાગરિકોનું સ્વાગત કર્યું હતું. સાંસદ દીપસિંહ રાઠોડ, જિલ્લા ભાજપના પ્રમુખ રણવીસિંહ ડાભી, મોડાસા એપીએમસીના ચેરમેન શામળભાઈ પટેલ, સાબરડેરી ડિરેકટર ભીખુસિંહ પરમાર વગરેએ પ્રાસંગિક પ્રવચનમાં રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ લોકકલ્યાણની યોજનાઓનો ચિતાર આપ્યો હતો. આ વક્તાઓએ ગ્રામ પંચાયત કક્ષાએથી તમામ લોક કલ્યાણની યોજનાઓનો અમલ કરી કરાવીને જનતાને તેનો લાભ આપવા ઉપસ્થિત સરપંચોને અનુરોધ કર્યો હતો. જિલ્લા ભાજપના પ્રમુખ રણવીસિંહ ડાભીએ વિવિધ ૭૦૦થી વધુ યોજનાઓ દ્વારા લોક સુખાકારી ઘર ઘર સુધી પહોંચાડવા કેન્દ્રની નરેન્દ્રભાઈ મોદી સરકારે અને રાજ્યની વિજયભાઈ રૂપાણીની સરકારે આદરેલી વિકાસયાત્રાની સરાહના કરી હતી. સત્તાના વિકેન્દ્રીકરણ માટે અસ્તિત્વમાં આવેલી સ્થાનિકો સ્વરાજની સંસ્થાઓ એવી ગ્રામ પંચાયતોનું અમલીકરણ માટે મોટું ઉત્તરદાયિત્વ હોવાનું પણ પ્રમુખે જણાવ્યું હતું.

# અરવલ્લી જિલ્લામાં ૨૧ જુને વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે

૨૧ જુન સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વિશ્વ યોગ દિવસ તરીકે જાહેર કરવામાં આવેલો છે. અરવલ્લી જિલ્લામાં આ દિવસે નાગરિકો, સ્વૈચ્છિક સંસ્થાઓ, સ્વયંભુ ઉજવણીમાં જોડાય તે માટે અરવલ્લી જિલ્લાના પ્રભારી સચિવના અધ્યક્ષસ્થાને બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં અધિકારીઓ, સહયોગી સંસ્થાના હોદેદારો હાજર રહ્યાં હતાં. જિલ્લાના યોગ દિવસની સફળતાના વિવિધ કામો માટે નોડલ અધિકારીઓની નિમણુંક કરાઈ હતી. વિશ્વ યોગ દિવસના દિવસે પતંજલી, આર્ટ ઓફ લીવીંગ, સ્વાધ્યાય પરિવાર, સ્વામીનારાયણ સંસ્થા, બ્રહ્માકુમારી સંસ્થા, શાળા/કોલેજના વિદ્યાર્થીઓ, સહિતની સંસ્થાઓ જોડાશે. તા. ૭-૦૬-૨૦૧૮થી તા.૧૩-૬-૨૦૧૮ સુધી માસ્ટર ટ્રેનરો દ્વારા યોગની તાલીમ આપવામાં આવનાર છે.




**મોડાસામાં નગરપાલિકા તંત્ર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસે જનજાગૃતિ રેલી યોજી**

મોડાસા શહેરમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નગરપાલિકા તંત્ર દ્વારા યોજાયેલી રેલીનું ચાર રસ્તા ટાઉન હોલથી નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલે પ્રસ્થાન કરાવ્યું હતું. આ જનજાગૃતિ રેલીમાં નગરપાલિકાના કોર્પોરેટરો અને સફાઈ કામદારો જોડાયા હતા. પર્યાવરણ બચાવોના બેનરો અને પ્લે કાર્ડ દર્શાવી પર્યાવરણ દિવસની ઉજવણી સાથે મોડાસા શહેરને ગ્રીનસીટી બનાવવા લોકોને આહવાન કર્યું હતું.

## ઈસનપુર મોટા સદ્‌ભાવ પાર્કમાં વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવાયો

૫ મી જૂન, વિશ્વ પર્યાવરણ દિવસે ઈસનપુર મોટા ખાતે સર્વોદય આરોગ્ય મંડળના ટ્રસ્ટીઓ તથા કર્મચારીગણ દ્વારા પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. ઉપસ્થિત સર્વેએ સદભાવ પાર્કમાં વૃક્ષોને પાણી સિંચન તેમજ પાર્કની સફાઈ કરી પર્યાવરણ દિનની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. આ ઉપરાંત, વનમહોત્સવ દરમિયાન ૧૦૦૦ વૃક્ષો ઉછેરવાનો સંકલ્પ ઉપસ્થિત ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે હોસ્પિટલના કન્વીનર રામચન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન રમેશ બી. પટેલે કર્યુ હતુ.



**ગજાનન સેવા સમિતિ દ્વારા ખાદ્ય સામગ્રીનું વિતરણ**

ગજાનન સેવા સમિતિ દ્વારા સોમવારે અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના વાંટડા મુકામે કુલ ૩૮ લાભાર્થીઓને ખાદ્ય સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. લાભાર્થીઓને ૨ કિલો ચોખા, ૧ કિલો ખાંડ, મગ, ચા, મમરાનું પેકેટ, સાબુ વગેરે મળીને કુલ ૮ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૦૧થી ૨૦ લાભાર્થીઓથી શરૂ કરેલુ કાર્ય આજ સુધી કાર્યરત છે. આ કાર્યમાં મિલંદભાઈ, મહર્ષિભાઈ તથા યોગેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા.